# જે.જે.સી.-નોર્થ વેસ્ટ

C/o. રમેશ સ્ટોન સપ્લાય કં., ૨, ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૧ ૦૪૨૦ / ૨૫૦૧ ૦૦૭૮

પ્રિય સભ્યો,

**કાળા ડિબાંગ વાદળોની પડખે અટવાયેલાં**
**સુર્યને નિહાળી ન શકાય પણ એટલું તો જરૂર સમજી શકાય કે**
**અજવાળું ત્યાં જ છુપાયેલું છે !**
**લાંબા બોગદામાં પ્રવશ્યાં બાદ એના બીજા છેડે દૂર દૂર**
**આછું અજવાળું જરૂર ભાળી શકાય છે ! પરંતુ ???**

મન મૂકીને વરસેલાં વરસાદે કોઈકને મોજ કરાવી તો કોઈની મોજ બગાડી મૂકી. એમ કહેવાય છે કે શ્રાવણ-ભાદરવાના સરવરિયા હોય ! એટલે કે વરસાદ ઝરમર ઝરમર વરસે. પરંતુ આ વર્ષે તો કુદરતે જાણે કે પોતાના જ નિયમોને પણ બદલી નાંખ્યાં છે. મોસમ પોતાનો કંઈ ઓર જ મિજાજ બતાવી રહી છે. નવરાત્રી સુધીમાં ઉઘાડ નિકળે અને વરસાદથી હાશકારો થઈ જાય, પણ કુદરતના રહસ્યને ક્યાં કોઈ ઉકેલી શક્યું છે ? હવામાન ખાતાની આગાહીઓ હવે ભલે આપણા મોબાઈલની એક કે બીજી 'એપ' પર આપણે જોઈએ પરંતુ એને પામી તો નથી જ શકાતું !

ખેર, આપણે જોવાના છીએ એ નાટકમાં પણ રહસ્યના તાણાંવાણાં ગૂંથાયેલા છે અને સસ્પેન્સનો સરવાળો મંડાય છે. એક ખૂન અને શંકાની સોય ત્રણ વ્યક્તિપર મંડાઈ છે. કુદરતના રહસ્યને આપણે કદાચ ન માપી શકીએ કે ન પામી શકીએ પરંતુ આપણાં શ્વાસને થંભાવી દેતું અને હૃદયના ધબકારાઓ વધારી દેતું, રૂંવાટાં ઊભા કરી મૂકતું નાટક નિહાળીને ખૂનીને ઓળખી કાઢવા ચાલો તૈયાર થઈ જાવ ! અને હા, નાટકનો અંત અનેરો છે ! ધ્યાનથી દિલ પર હાથ રાખીને નિહાળજો !

મંચના મહારથી કલાકાર દિગ્ગજ અભિનેતા અરવિંદ રાઠોડના અભિનયથી ઓપતું સસ્પેન્સ થ્રિલર એટલે જ...




**મંગળવાર, તા. ૦૩-૧૦-૨૦૧૭**

**કાર્યક્રમ સમય : રાત્રે ૯.૩૦ કલાકે**

**સ્થળ :**

**ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર**

**SORRY NO SNACKS NO DINNER**

J. J. C. CENTRAL BOARD
INWARD NO.: 7171
CHAIRMAN -
SEC. GENERAL -
SECRETARY -
DATE: 3/10/17

**સૂચના**
- કાર્યક્રમના પાસ કાર્યક્રમ સ્થળેથી નિર્ધારિત સમયથી અડધા કલાક અગાઉ આપવામાં આવશે.
- ૨ વર્ષથી ઉપરની વયનાં સભ્ય ન હોય તેવાં બાળકોને નાટકમાં પ્રવેશ આપવો અશક્ય છે.